રાજ્યમા ઇ-ગવૅનન્સ પ્રોજેક્ટ અમલ મુકવા અંગે.
- પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી લેવાના
સોગંદનામા બાબત.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ,
એસસીએ-૧૦૨૦૧૧-૯૯૬-હ૧,
તા. ૭ -૧-૨૦૧૨

**પ્રસ્તાવના :**

રાજ્યમા ઇ-ગવૅનન્સ પ્રોજેક્ટ હેઠળ મીલકતોના દસ્તાવેજો રજીસ્ટ્રેશન અર્થે રજુ થયા બાદ નોંધોનુ આપમેળે પ્રમાણીતકરણ થાય તે માટે NIC (National Informatics Centre) ના પરામર્શમા ઇન્ટીગ્રેટેડ સોફ્ટવેર તૈયાર કરી નવી સીસ્ટમ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક આઇટીપી-૧૦૨૦૧૦-૧૭૩-હ-૨, તારીખ ૮-૧૨-૨૦૧૦ થી અમલમા મુકવામા આવેલ છે. આ અમલમા મુકવામા આવેલ સીસ્ટમ પ્રમાણે મુળ ખેડૂત ખાતેદારના ફોટોગ્રાફ, ફીંગર પ્રિંન્ટ ઉપરાંત ૭/૧૨ મા આવતી તમામ વિગતો એકત્રીત કરવામા આવે છે. વેચાણ દસ્તાવેજ બનતા પહેલા ખેતીની જમીન વેચનાર અને ખરીદનારની બાયોમેટ્રીક ઇમેજ દ્વારા તપાસણી કરવામા આવે છે. જે વેચાણ દસ્તાવેજના કીસ્સામા મુળ ખેડૂત ખાતેદારના બદલે તેના પાવર ઓફ એટર્ની દ્વારા વેચાણ દસ્તાવેજમા સહી કરી નોધણી અર્થે રજુ કરવામા આવે છે, તે કીસ્સામા પાવર ઓફ એટર્ની હોલ્ડરના ફોટોગ્રાફ તથા મુળ ખેડૂત ખાતેદારના ફોટોગ્રાફ સાથે મેળવણુ થઇ શકતુ નથી. આથી પાવર ઓફ એટર્ની દ્વારા વેચાણ દસ્તાવેજમા સહી કરી નોધણી અર્થે રજુ કરવામા આવે છે, તેવા કીસ્સાઓમા વહીવટી મુશ્કેલીઓ અનુભવી પડે છે, તે બાબત ધ્યાન ઉપર આવેલ છે. આથી આ પરિસ્થિતિ નિવારવા અંગે સુચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા કરીને આ પરિસ્થિતિ નિવારવા અને વેચાણ દસ્તાવેજોના પક્ષકારોને નોધણીની કાર્યવાહીમા વિલંબ ન થાય, સાથોસાથ મૂળ જમીન ખાતેદારના હીતનુ રક્ષણ થાય તે તમામ બાબતો ધ્યાનમા રાખીને જે વેચાણ દસ્તાવેજના કીસ્સામા મુળ ખેડૂત ખાતેદારના બદલે તેના પાવર ઓફ એટર્ની દ્વારા વેચાણ દસ્તાવેજમા સહી કરી નોધણી અર્થે રજુ કરવામા આવે છે, તે કીસ્સામા નીચે જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનુ ઠરાવવામા આવે છે.

**ઠરાવ :**

૧. પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી નીચેની વિગતો સાથેનુ સોગંદનામુ મેળવવાનુ રહેશે.

(૧) મીલકતના મુળ માલીક સોગંદનામાની તારીખે હયાત છે, અને પાવર ઓફ એટર્નીમા મુળ માલીકે/માલીકોએ સહીઓ કરેલ છે.

(૨) મીલકતના મુળ માલીક/માલીકોના કાયમી તથા હાલના સરનામાની વિગતો.

(૩) મીલકતના મુળ માલીક/માલીકો દ્વારા પાવર ઓફ એટર્નીનો લેખ રદ કે વીથડ્રો કરવામા આવેલ નથી અને અમલમા છે.

૨.. પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી સોગંદનામુ રજુ થયેથી દસ્તાવેજ સ્વીકારવાનો થશે, અને પાવર ઓફ એટર્ની હોલ્ડરના ફોટોગ્રાફ, ફીંગરપ્રીંટ, સહીઓ ઉપરાંત ૭/૧૨ મા આવતી તમામ વિગતો વિગેરે બાયો-મેટ્રીક સીસ્ટમથી લેવાનુ/તપાસવાનુ રહેશે.

3. સબ-રજીસ્ટાર દ્વારા મીલકતના મુળ માલીકના કાયમી તથા હાલના સરનામા ઉપર નોટીસ મોકલી ૩૦ દિવસમા સંમતી મેળવવાની રહેશે.. ૩૦ દિવસમા મુળ માલીક સંમતિ મોકલી આપે અથવા કોઇ જાણ ન કરે તો મુળ માલીકની મુક-સંમતી ગણી દસ્તાવેજ નોધણી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.જે. શાહ )
અધિક સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. મહેસુલ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. નાણાં મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક. મંત્રીશ્રી( નાણાં) ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સુપ્રી. ઓફ સ્ટેમ્પ્સ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નોધણીસર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નિયામકશ્રી, નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેન્ટર, ( NIC ) ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ,
સર્વે નાયબ કલેક્ટરશ્રીઓ ( સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર),
સર્વે સબ-રજીસ્ટ્રાર- નોધણી ખાતુ, (સુપ્રી. ઓફ સ્ટેમ્પ્સ ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
સિલેક્ટ ફાઇલ